# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) આજથી ગુજરાત સહિત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સઘન મતદાર સુધારણા ઝુંબેશ.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 'મેરા બૂથ સબસે મજબૂત' પહેલ હેઠળ બિહારની મહિલાઓ સાથે સંવાદ સાધશે

3) બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે.

4) ભારતે તિમોર-લેસ્ટેને હડકવાના ફેલાવાને નિયંત્રિત કરવા માટે  રસીના 10,000 ડોઝ મોકલ્યા

5) BCCIએ વિશ્વ કપ જીતવાની ઐતિહાસિક સિદ્ધિ બદલ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને પસંદગી સમિતિને 51 કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત કરી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# EC-SIR

ચૂંટણી પંચ આજે તેના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન- SIR કવાયતનો બીજો તબક્કો શરૂ કરશે.

આ તબક્કામા ગુજરાત સહિત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓનું ખાસ સઘન પુનનિરીક્ષણ શરૂ થશે, જેમાં આશરે 51 કરોડ મતદારોનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ ..

(V/C- MANOJ SIR)

# PM-MERA BOOTH SABSE MAZBOOT

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી મોદી "મેરા બૂથ સબસે મજબૂત" પહેલના ભાગ રૂપે આજે  બિહારમાં મહિલાઓ સાથે વાતચીત કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ આ વાતચીત માટે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો, અને કહ્યું કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ-એનડીએ ગઠબંધનની જીત સુનિશ્ચિત કરવા માટે મહિલાઓ પૂરા દિલથી યોગદાન આપી રહી છે.

તેમણે કહ્યું કે આ અભિયાનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી બિહારમાં લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવી રહી છે.

# BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ તબક્કામાં ૧૮ જિલ્લાઓમાં ૧૨૧ વિધાનસભા બેઠકો માટે ૬ નવેમ્બરના રોજ કડક સુરક્ષા વચ્ચે મતદાન થશે.

તમામ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો અને NDA, મહાગઠબંધન અને અન્ય રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ આજે મતદારોને આકર્ષવા માટેના અંતિમ પ્રયાસ કરશે.

વધુ વિગતો અમારા સંવાદદાતા પાસેથી......

(V/C: DHARMENDRA)

# ECI-WB-TOUR

સિનિયર ડેપ્યુટી ચુંટણી કમિશનર જ્ઞાનેશ ભારતીના નેતૃત્વમાં ત્રણ સભ્યોની ચૂંટણી પંચની ટીમ પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. આવતીકાલથી 8 નવેમ્બર સુધી આ ટીમ બાંગ્લાદેશની સરહદે આવેલા ઉત્તર બંગાળના કૂચ બિહાર, જલપાઇગુડી અને અલીપુરદુઆર જિલ્લાઓની સમીક્ષા કરશે.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલ પણ ટીમ સાથે રહેશે.

# PREZ - KAINCHI DHAM

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે નૈનીતાલમાં નીમ કરોલી બાબાના આશ્રમ, કૈંચી ધામની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ આજે નૈનીતાલમાં કુમાઉ યુનિવર્સિટીના 20મા દીક્ષાંત સમારોહમાં પણ હાજરી આપશે.**

**રાષ્ટ્રપતિ ઉત્તરાખંડની તેમની ત્રણ દિવસીય મુલાકાતના બીજા દિવસે ગઈકાલે નૈનીતાલ પહોંચ્યા હતા. સુરક્ષા કારણોસર, જિલ્લાને નો-ડ્રોન ઝોન જાહેર કરવામાં આવ્યો છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ISRAEL FM

ઇઝરાયલના વિદેશ મંત્રી ગિડીઓન સાર આજે નવી દિલ્હીમાં વિદેશ મંત્રી (EAM) ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે. ભારતની બે દિવસીય રાજદ્વારી મુલાકાતે આવેલા સાર ભારત સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓને પણ મળશે.

ઇઝરાયલી વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, આ મુલાકાત દરમિયાન, તેઓ અન્ય સરકારી અધિકારીઓ, રાજદૂતો, રાજદ્વારીઓ, સંશોધન સંસ્થાઓના વડાઓ અને સ્થાનિક વ્યાપારી નેતાઓને પણ મળશે. તેમની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી બુધવારે ઇઝરાયલ પરત ફરતા પહેલા મધ્ય પૂર્વ બાબતો પર વિદેશ નીતિ અને સુરક્ષા વિદ્વાનોને પણ માહિતી આપશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારત અને ઇઝરાયલ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી છે, બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને સંપૂર્ણ રાજદ્વારી સંબંધોમાં અપગ્રેડ કર્યાના 30 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી સંયુક્ત રીતે કરશે.

# MANDAVIYA-DOHA-SUMMIT

શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા આજથી 6 નવેમ્બર સુધી દોહામાં યોજાનારી બીજી વિશ્વ સામાજિક વિકાસ શિખર સંમેલનમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

સમિટ દરમિયાન ડૉ. માંડવિયા આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સામાજિક ન્યાય માટે વૈશ્વિક જોડાણ પર મંત્રી સ્તરીય સંવાદમાં ભાગ લેશે અને સમાવેશી અને સમાન વિકાસ માટેના ભારતના દ્રષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ

સામાજિક વિકાસના ત્રણ સ્તંભોને મજબૂત બનાવવા પર ઉચ્ચ-સ્તરીય ગોળમેજી પરિષદને સંબોધિત કરશે અને સમાવેશી અને ડિજિટલી સક્ષમ વિકાસ તરફ ભારતની પરિવર્તનશીલ યાત્રા પર પ્રકાશ પાડશે.

# INDIA-TIMOR-LESTE

ભારતે હડકવાના ફેલાવાને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે તિમોર-લેસ્ટે ટાપુ રાષ્ટ્રને બે હજાર હડકવા ઇમ્યુનોગ્લોબ્યુલિન બોટલ અને 10 હજાર હડકવા રસીના ડોઝ મોકલ્યા છે.

ભારતે ગ્લોબલ સાઉથના દેશો માટે વિશ્વસનીય આરોગ્ય ભાગીદાર તરીકેની તેની ભૂમિકાને પણ પુનઃપુષ્ટિ આપી છે. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર, તિમોર-લેસ્ટેએ માર્ચ 2024માં હડકવા રોગનો પહેલો માનવ કેસ નોંધાવ્યો હતો. આ પછી, WHOએ દેશના આરોગ્ય મંત્રાલયને હડકવા રસીના છ હજાર ડોઝ અને ઇમ્યુનોગ્લોબ્યુલિનના બે હજાર ડોઝ પૂરા પાડ્યા.

# BCCI - 51 CRORE PRIZE

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ પ્રથમ વખત ICC મહિલા ક્રિકેટ વિશ્વકપ જીતવાની ઐતિહાસિક સિદ્ધિ બદલ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને પસંદગી સમિતિને 51 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે.

BCCIએ એક નિવેદનમાં જણાવ્યું કે, સપોર્ટ સ્ટાફ અને દરેક હિસ્સેદારોએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું, અને દેશભરના લાખો ચાહકોની આકાંક્ષાઓને

પૂર્ણ કરી છે. આ ઐતિહાસિક જીત પર બોલતા BCCI પ્રમુખ મિથુન મનહાસે કહ્યું કે ટીમની પ્રતિભા અને એકતાએ આપણા દેશની અપેક્ષાઓ વધારી છે

# INDIA-US TIES

રિપબ્લિકન કોંગ્રેસમેન અને ઈન્ડિયા કોકસના સહ-અધ્યક્ષ, રિચ મેકકોર્મિકે ભારત-અમેરિકા ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનું આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે બંને દેશો સાથે મળીને વૈશ્વિક શાંતિની બીજી પેઢીનો પ્રારંભ કરી શકે છે.

હડસન ઇન્સ્ટિટ્યૂટ ખાતે એક કાર્યક્રમમાં બોલતા, શ્રી મેકકોર્મિકે કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત જેવા મિત્રોને અમેરિકાની નજીક રાખવા જોઈએ. તેમણે ટ્રમ્પ વહીવટીતંત્રને ભારત સામેની તેની ટેરિફ નીતિમાં સતર્ક રહેવા સલાહ આપી.

શ્રી મેકકોર્મિકે ભારતના અવકાશ કાર્યક્રમ અને 2023માં ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક અવકાશયાન સફળતાપૂર્વક ઉતારનાર વિશ્વનો પ્રથમ દેશ બનવાની સિદ્ધિની પણ પ્રશંસા કરી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- ગુજરાત સમાચાર અને સંદેશે અકસ્માતના સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યા છે
- તેલગાણા -જયપુર માં ભીષણ અકસ્માત ,૩૮ ના મોતને સંદેશે હેડલાઇન બનાવીછે જયારે ગુજરાત સમાચાર એ જયપુરમાં ડમ્પર ની 17વાહનોને ટક્કર ; 50ને કચડયા, ૧૯ના મોતની ખબરને તસવીરો સાથે પ્રથમ પેજ પર છાપી છે.
- ફૂલછાબ ચીન -પાક ચોરી છૂપે અણુ પરીક્ષણો કરે છે -ટ્રમ્પ નો ધડાકો ને હેડલાઇન બનાવી છે.. જયારે જયપુર અકસ્માતને બોક્સમાં છાપ્યા છે.. ૨૦૦ કરોડના સાયબર ફ્રોડના આંતર રાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ આ હેડલાઇન ફૂલછાબની છે.
- કૃષિ સહાય પેકેજ જાહેર થી તે પૂર્વે જ રાજ્ય ભરમાં વિરોધ વંટોળ અને કૃષિ સર્વેના સમાચાર ને છેલ્લા પેજ પર છાપ્યા છે
- સીએ ના જાહેર થયેલા રિસઝલ્ટમાં ગુજરાતનાં વિધાર્થીઓનો ડંકો આ સમાચાર તમામ અખાબારોએ છેલ્લા પેજ પર પ્રકાશિત કર્યા છે.
- ગીર અને જુનાગઢ ની મુલાકાત દરમિયાન ખેડૂતોને સધિયારો આપ્યો આ સમચારને છેલ્લા પેજ પર તમામ અખબારોએ સ્થાન આપ્યું છે.